## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બીજાની ફીરકી પકડીને એ આગળ આવ્યા છે,*
*ચાલાક ચાણક્યો એ પોતાના પતંગ ઉડાડ્યા છે.*
*ઉકેલે એ ગૂંચો ને વીંટે ફીરકી રાજ્યને ખર્ચે -*
*ભોળા-નાથને 'અંજલિ'ની ફીરકીએ ચગાવ્યા છે!!*
*(ફીરકી ફળી)*

હાઈકુ

*તંત્ર કે શાળા ?*
*કોણ જાણે, કાપે છે -*
*કોનો પતંગ?*
*(કોર્ટનું લંગર)*

*વિના પવને,*
*ચગાવે ચૂંટણીમાં -*
*મારે ગૂલાંટ...*
*(ને ચગી જાય પતંગ)*

### ચિંતન

**કહાં જાયે, કહાં ઊપને, કર્યાં કરતો હૈ લાડ ?**
**ન જાનું કિસ રૂખ તલે, જાય પડૈંગે હાડ**

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

કબીર પૂછે છે કે 'હે માનવી! તારું આ શરીર, આ મનુષ્ય દેહ આ જગત છોડીને ક્યાં જશે ? તેનો બીજો જન્મ ક્યાં અને ક્યાં રૂપમાં થશે તે તું જાણે છે? અરે ! એના હાડકાં કયા ઝાડ તળે જઈ પડશે ? કોઈ માણસ જાણે છે ખરો?'

તો એવા નાશવંત શરીરને આટલા બધા લાડ શા માટે લડાવે છે? તેની આટલી આસના-વાસના શા માટે કરે છે? શું વગડાનાં ઝાડ તળે દટાવા કે સ્મશાનમાં બળવા માટે ? મૃત્યુ પછી માનવ દેહની આ ગતિ નિશ્ચિત છે તે સમજી વિચારી રઘુપતિ રામને સ્મરી લેવા જોઈએ.

ભૌતિક સુખો અને રસાસ્વાદના લાડથી 'લૂલી' ને પંપાળી શરીરને દવાખાના દરવાજા સુધી લઈ જવાની આપણે પેરવીમાં છીએ.

આના કરતાં મૃત્યુ પછી આપણે ક્યાં જશું. આત્માની બીજા જન્મોમાં શું હાલત થશે એનો વિચાર કર્યો છે?

### સુવિચાર

- કપડાં ન બગડે તેની કાળજી રાખનારા આપણે મન બગડે તેની તકેદારી કેમ નથી રાખતા ? - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- અશક્યતા ના ખડક પર સત્યની ખાતર ભુક્કેભુક્કા થઈ જવું, એનું નામ જ મનુષ્યત્વ, પુરુષાર્થ અને જીવન - **મોરારિ બાપુ**
- તમારા સમર્થકો તો તમારાં વખાણ કરે, પરંતુ તમારા વિરોધીઓ વખાણ કરે ત્યારે સમજવું કે સર્વોત્તમ સુકિર્તી - **બોધિવૃક્ષ**
- એકલો માણસ જયારે પોતાનાથી ન કંટાળે ત્યારે સમજવું કે ભીતરથી સમૃદ્ધ છે - **મુંબઈ સમાચાર**
- સંમતિ મૌનમાં સંગીત હોય છે, અસંમતિના મૌનમાં મીંઢો કોલાહલ હોય છે - **રાજેન્દ્ર વ્યાસ**
- સેવામાં સોદાગીરી નહીં, ફનાગીરી જોઈએ - **પુનિત મહારાજ**
- આજનું ઔષધ : શીતળા નીકળે ત્યારે સોપારીનો બારીક ભૂકો પાણી સાથે પીવાથી શીતળાનું ઝેર સહેલાઈથી નીકળી જાય છે અને વેદના ઓછી થાય છે. *(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

દૃઢસંકલ્પ, ભવ્યવિચારો, સ્વપ્નો, કલ્પનાઓ અને એવી જ ભવ્યતા ભરી ભાવનાઓથી મનને ભરી દેવામાં આવે તો ભવ્ય જીવનનું સર્જન એકદમ સહજ છે.

સિકંદર જયારે બાલ અવસ્થામાં હતો ત્યારે તેના પિતાના દરબારમાં એક લોકગાયક આવેલો. એણે ભૂતકાળમાં થઈ ગયેલા વીર યુલીસિસના પરાક્રમો ગાયાં. એ સાંભળીને નાના સિકંદરે આવા પરાક્રમી થવાનો મનમાં દૃઢ સંકલ્પ કર્યો. બાળ સિકંદરે લોકગાયકને કહ્યું, 'યુલીસિસ વિશેનું કોઈ પુસ્તક તમારી પાસે છે?' લોકગાયકે કહ્યું, 'એક નહિં, બે પુસ્તકો છે.' બાળ સિકંદરે કહ્યું, 'બેમાંથી એક મને આપશો ?' ગાયકે કહ્યું, 'જરૂર આપીશ પણ આપને વાંચતા ક્યાં આવડે છે ??' બાળ સિકંદરે કહ્યું, 'એનો વાંધો નહિં.'

સિકંદરે યુલીસિસના પરાક્રમોથી ભરેલું એ પુસ્તક લીધું, એને રોજ રાત્રે ઓશિકા મૂકી સૂઈ જતા, આ દૃઢ સંકલ્પને કારણે તેના મનમાં યુલીસિસનાં જ સપના આવતાં. સ્વપ્ન રસાયણ પીને જ એણે ભવ્ય કલ્પનાઓ કરી, ભવ્ય પુરુષાર્થ આદર્યો, અને મહાન વિજેતા બન્યો.

# હિંદુ વોટબેંક અંકે કરવાનો ચક્રવ્યૂહ

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક પછી એક એવાં પગલાં લઈ રહ્યાં છે જે એમને ૨૦૧૯માં આવનારી લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતીથી નહીં તો છેવટે 'કમ્ફર્ટેબલ મેજોરિટી' સાથે એમનું મયૂરાસન સાચવી રાખવામાં ખપ લાગે. નેતન્યાહુને ગજા બહારનું બહુમાન કે આરબ દેશો સાથે સુમેળ રાખીને ઈઝરાયલ સાથે રાષ્ટ્રવાદી મૈત્રીકરાર જેવું જ પગલું હતું તીન તલાક વિરુદ્ધ ઘડેલો કાનૂન અને એથી પણ વધુ અસરકારક હજયાત્રા માટે શરુથી જ અપાતી રહેલી સબસિડી નાબૂદ કરવાનો હિંમતભર્યો નિર્ણય. અલબત્ત, તીન તલાક અને હજ સબસિડી નાબૂદી પાછળ અદાલતી આદેશનું ઓઠું જરૂર છે, પરંતુ બધા જાણે છે કે કેન્દ્રમાં યુપીએ સરકાર શાસન કરતી હોય તો એ આવા મુદ્દે અદાલતી આદેશોને ઘોળીને પી ગઈ હોત. રાજીવ ગાંધી જેવા પ્રગતિશીલ વિચારો ધરાવતા યુવાન વડાપ્રધાને જે રીતે શાહબાનો કેસમાં મુલ્લાંઓ સમક્ષ ઝૂકી જવાનું પસંદ કર્યું હતું તે રીતે કદાચ મોદી સિવાયના કોઈ પણ વડાપ્રધાને તીન તલાક અને હજ જેવા સંવેદનશીલ મુદ્દાઓ સંદર્ભે વિશાળ મુસ્લિમ સમાજની દુખતી રગ દબાવવાનો આકરો નિર્ણય ભાગ્યે જ કર્યો હોત. વાજપેયી સરકાર પાસે પણ હિંદુત્વવાદી તરીકે સ્થાપિત થવાની તકો હતી જ. એમની સરકારના શક્તિશાળી નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી આવી તકો ઝૂંટવી લેવા લલચાયા પણ હોય, પરંતુ એ વખતે એમની પાસે સુવાંગ બહુમતી નહોતી. એમને વિવિધ પ્રાદેશિક પાર્ટીઓના ટેકાથી ગાડું ગબડાવવાનું હતું. સદ્‌ભાગ્યે નરેન્દ્ર મોદી પાસે પ્રચંડ બહુમતી છે અને એવડું જ મોટું મનોબળ છે. એથી તેઓ ગણતરીપૂર્વકનાં એવાં પગલાં લઈ શક્યા છે જેથી હિંદુ વોટબેંક વધુ મજબૂત બને અને અદાલતના આદેશના નામે વિપક્ષો પણ વાંધા ન લઈ શકે. કોંગ્રેસ માટે શાહબાનો કેસ ગળાનું હાડકું બની ચૂક્યો છે. એથી એને હિંદુ બહુમતીનો ભારે રોષ વેઠવો પડ્યો છે. રાહુલ ગાંધીના સહાલકારો આ મુદ્દે સાવધ હોઈ મોદી સરકારના આવા નિર્ણયો વિરુદ્ધ પાર્ટી ઊનો હરફ ન ઉચ્ચારે એવી ઉપરથી જ તાકીદ કરાઈ છે. પાર્ટીના મુસ્લિમ ચહેરા ગણાતા ગુલામનબી આઝાદે પણ હજ સબસિડી તત્કાળ નાબૂદ કરવાના મોદી સરકારના નિર્ણયને હળવી ટકોર સાથે સ્વીકારી લીધો છે. સુપ્રીમ કોર્ટે હજ સબસિડી ક્રમશઃ નાબૂદ કરવાની સલાહ આપી હતી અને ૨૦૨૨ સુધીમાં એને સંપૂર્ણપણે સમાપ્ કરવાનો નિર્દેશ આપ્યો હતો. મોદીએ એ મુદ્દાના રાજકીય લાભ ઊઠાવવો હોઈ એનો અમલ વહેલો કરી દીધો અને એ રકમ મુસ્લિમ મહિલાઓના શિક્ષણ પાછળ ખર્ચાશે, એવું આશ્વાસન પણ રોડવી દીધું. ઔવેસી જેવા કટ્ટર મુસ્લિમ નેતા સુધ્ધાં આ મુદ્દે તીન તલાક સંદર્ભે કર્યું હતું એવું ઉગ્ર નિવેદન નથી કરી શક્યા. હા, એમણે આ જ પૅટર્ન પર હિંદુઓને કૈલાસ માનસરોવર યાત્રા માટે અપાતી સહાય કે કુંભમેળાના આયોજનમાં કરાતા ખર્ચનો મુદ્દો જરૂર ઉઠાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઔવેસીને ઑબ્લાઈજ કરે એ વાતમાં માલ નથી.એ તો હજુ પણ આગળ ઉપર ચૂંટણી નજીક આવશે એમ અયોધ્યામાં રામમંદિર અને કાશ્મીરની કલમો જેવા મુદ્દે હિંદુ બહુમતીને રાજી કરવાના નિર્ણયો જાહેર કરશે, એવી આગાહી કરવામાં જોખમ નથી.

# આપણી પરંપરામાં ચોખાનું મહત્ત્વનું સ્થાન



રંગ-ઉમંગ
કાનન ઓઝા

આપણા દેશના મોટા ભાગના પ્રદેશોમાં ચોખા એ ભોજનની મહત્ત્વની વાનગી છે. ખાસ કરીને સમગ્ર દક્ષિણ ભારત અને પૂર્વ ભારતના લોકોનો મુખ્ય ખોરાક ચોખા છે ચોખા જયારે રંધાઈ જાય છે. ત્યારે તેને ભાત કહે છે. આ ભાત પચવામાં હલકાં હોય છે. ચોખા એકમાત્ર સ્વતંત્ર ખોરાક છે. કારણ કે તેને કોઈ પણ પ્રક્રિયામાંથી પસાર કર્યા વગર રાંધવાના કામમાં લઈ શકાય છે. દા.ત. ઘઉં, બાજરો કે જુવાર તમારે દળાવવા પડે છે અને તે પછી તેનો ઉપયોગ કરી શકો છો. ચોખાને રાંધીને બનાવેલો ભાત તમે દાળ સાથે, દૂધ સાથે, દહીં સાથે, ઘી અને ખાંડ સાથે કે કોઈ પણ રસવાળા શાક સાથે જમી શકો છો. ચીનમાં ચોખાને રાંધીને તેના ભાતના લાડવા બનાવી ભૂખ્યાને આવા લાડવા દાન તરીકે આપવામાં આવે છે. કારણ કે આવો ભાત મીઠું નાખીને પણ જમી શકાય છે.

સંસ્કૃતમાં ચોખાને અક્ષત તરીકે ઓળખવામાં આવે છે અને સર્વ ધાન્યમાં તે સફેદ (ધવલ) હોવાથી તેને પવિત્ર અને અત્યંત ઉપયોગી માનવામાં આવે છે. ચોખાને તાંદુલ પણ કહે છે, યાદ છે ? સુદામા તેમનાં બાળ ગોઠિયા કૃષ્ણ માટે તાંદુલની પોટલી લઈને ગયા હતા.

સ્વસ્તિક એ સૌભાગ્યનું, અઢળકતાનું, વૈભવનું પ્રતીક છે. એ પ્રતીકને જયારે ચિત્રિત કરવાનો આપણા પૂર્વજોને વિચાર આવ્યો હશે ત્યારે સર્વ પ્રથમ કુમકુમનો વિચાર આવ્યો હશે, પરંતુ કુમકુમની શોધ તેઓએ કરી તે પહેલાં તેઓની પાસે ચોખા હાથવગા હતા અને તેથી સર્વપ્રથમ સ્વસ્તિકનું ચિહ્ન ચોખા વડે જમીન ઉપર ઉપસાવવામાં આવ્યું હશે. આમ જોઈને તો સ્વસ્તિક અને ચોખા બંને જાણે એકબીજા માટે જ બનાવવા હોય તેવા લાગે છે.

કપાળમાં જયારે તિલક કરવામાં આવે છે ત્યારે તેના ઉપર ચોખા ચોંટાડવામાં આવે છે તેના કારણો જોઈએ તો લાલ રંગના તિલકમાં સફેદ ચોખા સૌંદર્યમાં વધારો કરે છે અને બીજું ચોખાને શ્રેષ્ઠ ધાન્ય માનવામાં આવે છે. અને તેને દેવોને પણ પ્રિય એવું દ્રવ્ય ગણાવવામાં આવે છે. તેથી ભારતનાં દરેક શુભ પ્રસંગોએ ચોખાથી વરવધૂને, સંતોને, મહાત્માઓને પૂજ્ય વડીલોને વધાવવામાં આવ્યા છે.

જે વસ્તુ દેવોને પણ પ્રિય હોય તે વસ્તુનું સ્થાન આપણા મસ્તક ઉપર જ હોવું જોઈએ, કારણ કે આપણું મસ્તક આપણી વિચારવાની શક્તિ ધરાવતા મગજને સાચવે છે.

પ્રાચીન પરંપરામાં ચોખાને ધાન્ય માનવામાં આવેલ છે. ખેતી દ્વારા મેળવવામાં આવતો ખાદ્યપદાર્થ એ ચોખા છે. બીજા બધા ધાન્યો કરતાં ચોખા અતિ પ્રાચીન છે અને જેની પાસે આ ધાન્ય પુષ્કળ હોય તેને ધનવાન અને ધન્ય માનવામાં આવતા હતા. બાર્ટર પદ્ધતિ સમયમાં ચોખાના બદલામાં વસ્તુઓનો વિનિમય થતો હતો. પૂજામાં પોખવામાં આ જ ધાન્ય ચોખાનો એટલો જ ઉપયોગ આજે પણ કરવામાં આવે છે.

કલ્યાણના પ્રતિક તરીકે સ્વસ્તિક, ઉત્સાહ અને શક્તિના પ્રતિક તરીકે સિંદૂર, ભોગ-બલિના પ્રતીક તરીકે શ્રીફળ, પાવનકારી વસ્તુઓ તરીકે ગંગાજળ અને તુલસીપત્ર તથા ધન-ધાન્યના પ્રતીક તરીકે ચોખાનો ઉપયોગ કરવામાં આવે છે.

# સંયુક્ત રાષ્ટ્રસંઘનો સ્થાપના દિવસ ક્યારે ઉજવાય છે?

ખજાનો
અનિલ પટેલ

### મહત્ત્વના દિવસો

૧ ૨૩મી માર્ચ કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ (બ) વિશ્વ રંગમંચ દિવસ
(ક) વિશ્વ વિકલાંગ દિવસ (ડ) વિશ્વ ગ્રાહક દિવસ

૨ ડૉ. વિધાનચંદ્ર રાયની યાદગીરીમાં ઉજવાતો રાષ્ટ્રીય ડૉકટર દિવસ ક્યારે ઉજવાય છે ?
(અ) ૩૦ જૂન (બ) ૧ જુલાઈ
(ક) ૨૦ ઑગસ્ટ (ડ) ૨૯ જુલાઈ

૩ ૨૦મી ઓગસ્ટ 'રાજીવ ગાંધી'નો જન્મ દિવસ કયા દિવસ તરીકે પણ ઓળખાય છે ?
(અ) એકતા દિવસ (બ) આતંકવાદ વિરોધી દિવસ
(ક) સમાનતા દિવસ (ડ) અક્ષય ઊર્જા દિવસ

૪ ૨૭ ઓગસ્ટના દિવસે ઉજવાતો રાષ્ટ્રીય રમત દિવસ કયા ખેલાડીની યાદમાં ઉજવાય છે ?
(અ) કપિલ દેવ (બ) સુનિલ ગાવસ્કર
(ક) મેજર ધ્યાનચંદ્ર (ડ) સચિન તેંડુલકર

૫ ૫ સપ્ટેમ્બરે ઉજવાતો 'રાષ્ટ્રીય શિક્ષકદિન' કોની સ્મૃતિમાં ઉજવાય છે ?
(અ) ડૉ. એસ. રાધાકૃષ્ણન (બ) એમ. વિશ્વશ્વરૈયા
(ક) રામાનુજન (ડ) ડૉ. સી.વી. રામન

૬ ૮ માર્ચ કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) વિશ્વ ગ્રાહક દિન (બ) વિશ્વ વિકલાંગ દિન
(ક) વિશ્વ મહિલા દિન (ડ) રાષ્ટ્રીય વાયુસેના દિન

૭ ૧૨ નવેમ્બર ૧૯૪૭ના રોજ કોણે ઓલ ઈન્ડિયા રેડિયો પરથી પ્રજાને સંબોધન કર્યું હતું, જેથી દિવસ રાષ્ટ્રીય પ્રસારણ દિવસ તરીકે પણ ઉજવાય છે ?
(અ) ગાંધીજી (બ) સુભાષચંદ્ર બોઝ
(ક) જવાહલલાલ નહેરુ (ડ) સરદાર પટેલ

૮ દેશના પ્રથમ શિક્ષણ પ્રધાન મૌલાના અબ્દુલ કલામ આઝાદનો જન્મ દિવસ કયો ? જે રાષ્ટ્રીય શિક્ષણ દિવસ તરીકે ઉજવાય છે
(અ) ૫ સપ્ટેમ્બર (બ) ૩૧ ઑકટોબર
(ક) ૧૧ નવેમ્બર (ડ) ૨૦ ઑગસ્ટ

૯ રાષ્ટ્રીય કુષ્ટરોગ નિવારણ દિવસ ક્યારે ઉજવાય છે?
(અ) ૩૦ જાન્યુઆરી (બ) ૨૬ જુલાઈ
(ક) ૧૪ સપ્ટેમ્બર (ડ) ૨૫ ઑકટોબર

૧૦ રાષ્ટ્રીય પક્ષી તરીકે ઉજવાતો ૧૨ નવેમ્બર દિવસ કોની યાદમાં ઉજવાય છે ?
(અ) રોબિન ડેવિડ (બ) સલીમ અલી
(ક) મેનકા ગાંધી (ડ) રામાનુજન

૧૧ ૨૨ એપ્રિલ કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) વિશ્વ વિરાસત દિવસ (બ) વિશ્વ આવાસ દિવસ
(ક) સ્વાસ્થ્ય દિવસ (ડ) વિશ્વ પૃથ્વી દિવસ

૧૨ સંયુક્ત રાષ્ટ્રસંઘનો સ્થાપના દિવસ ક્યારે ઉજવાય છે ?
(અ) ૨૪ ઑકટોબર (બ) ૧૦ ડિસેમ્બર
(ક) ૧૦ જાન્યુઆરી (ડ) ૮ ઑગસ્ટ

૧૩ ૨૨ મે કયા આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) વિશ્વ એઈડસ્ દિન (બ) જૈવિક વિવિધતા દિવસ
(ક) વન્ય પ્રાણી દિવસ (ડ) વિશ્વ સહકાર દિવસ

૧૪ ભાદરવા વદ બારસ કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) વાઘ બારસ (બ) રેટીયા બારસ
(ક) હનુમાન બારસ (ડ) વસંત પંચમી

૧૫ કયા મહિનાની અમાવાસ્યા 'દિવસો' તરીકે ઉજવાય છે?
(અ) ચૈત્રી (બ) વૈશાખ
(ક) જયૈષ્ઠ (ડ) અષાઢ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૨૧ જાન્યુઆરી ૧૮૨૦ : કવિ દલપતરામ :** કવીશ્વરનું બિરુદ પામેલા કવિ દલપતરામનો જન્મ વઢવાણમાં થયો હતો. પિતા પાસેથી સાત્ત્વિક સંસ્કારનો વારસો મળે. 'ફાર્બસ વિરહ' જેવી શોક કવિતા પણ રચી. નિબંધ, વાર્તા, નાટક અને ગદ્યનાં ૨૫ જેટલાં પુસ્તકોનું સર્જન કર્યું. ઈ.સ. ૧૮૯૮માં ૭૮ વર્ષની વયે તેઓ 'હરિલીલામૃત' કાવ્ય લખી રહ્યા હતા ત્યારે દેહ છોડ્યો હતો.
- **૨૨ જાન્યુઆરી ૧૯૧૭ : મરીઝ :** ગઝલકાર, પત્રકાર એવા અબ્બાસ અબ્દુલ વલી વાસી 'મરીઝ'ના નામે જાણીતા હતા. સુરતમાં જન્મ. અભ્યાસ માત્ર બે ચોપડી. ૧૪ વર્ષની ઉંમરે ગઝલ લખવાની શરુઆત કરી. મરીઝે ઈશ્વર, ધર્મ, પ્રેમ ઉપર સુંદર ગઝલો લખી છે. 'આગમન' અને 'નકશા' તેમના નોંધપાત્ર ગઝલ સંગ્રહો છે. કાવ્યરસિકો તેમને 'ગુજરાતના ગાલીબ' તરીકે ઉલ્લેખે છે. ૧૯૮૩માં અવસાન થયું.
- **૨૩ જાન્યુઆરી ૧૮૯૭ : સુભાષચંદ્ર બોઝ :** સ્વાતંત્ર્યના અણનમ યોદ્ધા. ચેતનાનો મહાધોધ એવા સુભાષચંદ્રનો જન્મ ઓરિસ્સાના કટક શહેરમાં થયો હતો. જાપાનમાં વસતા રાસબિહારી બોઝે સ્વયં નિવૃત્તિ લઈ 'આઝાદ હિન્દ ફોઝ' નું સુકાન સુભાષ બાબુને સોંપ્યું હતું. 'ચલો દિલ્હી' અને 'દય હિંદ', 'તુમ મુઝે ખુન દો' મેં તુમ્હે આઝાદી દૂગા, જેવાં સૂત્રો થકી આઝાદીના ચળવળમાં પ્રાણ પૂર્યા. ૧૭ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ વિમાન દ્વારા રશિયા જવા નિકળ્યા. વિમાન અકસ્માતથી લાપતા થયા.
- **૨૪ જાન્યુઆરી ૧૯૨૭ : પ્રિયકાન્ત મણીયાર :** નવમા ધોરણ સુધી ભણેલા. ગુજરાતી સાહિત્યમાં નાનપણથી રસ હોવાથી. છંદો પર તેમની સુંદર પકડ હતી. વિરમગામમાં જન્મ થયો. સાહિત્ય ક્ષેત્રે ઉમદા પ્રદાન માટે કુમાર સુવર્ણચંદ્રક ઉપરાંત ૧૯૭૨-૭૩માં ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિકથી નવાજવામાં આવ્યા.
- **૨૫ જાન્યુઆરી ૧૮૫૬ : અશ્વિનીકુમાર દત્ત :** પ્રખર દેશ ભક્ત. બંગાળના બાકરગંજ જિલ્લાના એક ગામમાં તેમનો જન્મ થયો હતો. 'બંગભંગ'ની ઘટના પછી તેઓ ખુબ સક્રિય થયા હતા. સમાજસેવા તેમનું જીવનલક્ષ્ય હતું. એમણે 'ભારતગીતિ' નામે ગીતસંગ્રહ ઉપરાંત 'ભક્તિયોગ', 'પ્રેમ', 'કર્મયોગ', 'દુર્ગોત્સવ તત્ત્વ' વગેરે કૃતિઓનું સર્જન કર્યું છે. ૧૯૪૨માં અવસાન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**જાણીતા રાજકારણી 'રઘુવીર દાસ' કયા રાજયના મુખ્યમંત્રી છે?**

**જવાબ : ઝારખંડ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો


(૧) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૨) શૈલેષ ઝેડ પટેલ : ગાયત્રી રેસીડેન્સી, ધોળેશ્વર પાસે
(૩) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૫) નટુભાઈ દરજી : પેથાપુર
(૬) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કયા નેતા ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# અહંકાર બિલકુલ નહિ - માત્ર નમ્રતા



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

દેવર્ષિ નારદને ઉદાસી, અવસ્થતા અને અશાંતિ હતા. કારણ સમજાતું ન હતું. આવા સંજોગોમાં તો માત્ર શ્રીકૃષ્ણ જ અંતિમ શરણ ગણાય. એમણે શ્રીકૃષ્ણને પોતાની સમસ્યા વર્ણવી અને એનો ઉપાય પૂછ્યો. એમણે જણાવ્યું - 'કોઈ સદ્‌ગુરુને શોધીને, એનું સેવન કરો.' વાત સાચી છે. હાલક ડોલર થતી નાવને મધ્યસ્તંભ સ્થિર રાખે. અસ્થિર અશાંત મનને સદ્‌ગુરુનો સંગ સ્થિર રાખે.

'નારદે સદ્‌ગુરુની શોધ આરંભી, પોતે જ્ઞાની હતા, 'નારદસ્મૃતિ'ના રચયિતા હતા. સંગીત વગેરે કલાઓમાં નિપુર્ણ હતા. ત્રણેય લોકમાં વિચરણ કરવાની ક્ષમતા ધરાવતા હતા. પરંતુ કોઈ અભાગી પળે તેનામાં આ બધાને કારણે અહંકાર પ્રવેશી ગયો હતો. ગુરુની પાસે જવું હોય, તો સમિધ સાથે જવાય. નમ્રતા એ જ સમિધ છે. અહંકારનો સદંતર અભાવ તેમજ માત્ર અને માત્ર નમ્રતા જ હોય, તો સદ્‌ગુરુનું શરણ મળે.'

સૌ કોઈ બહાના બતાવે, કોઈ નારદનો શિષ્ય તરીકે સ્વીકાર ન કરે. બ્રહ્મા, વિષ્ણુ, શ્રીકૃષ્ણ, મહેશ, ઈન્દ્ર, શેષનાગ, વશિષ્ઠ, વિશ્વામિત્ર - સૌ એકબીજાને ખો આપે. શેષનાગે કહ્યું, 'મારે પૃથ્વીનો ભાર લેવાનો હોય. તમને શિષ્ય કેમ બનાવું ?' શ્રીકૃષ્ણે કહ્યું, 'મારે તો શિષ્ય અર્જુન છે. તમને શી રીતે બનાવું ?' ઈન્દ્ર અપ્સરાઓનાં નૃત્યમાં મગ્ન હતો. એનું તો નારદ તરફ ધ્યાન જ ન ગયું.

જયારે જયારે ગુરુપદનો અસ્વીકાર થાય, ત્યારે ત્યારે એના અભિયાનને ઠેશ પહોંચે, પરંતુ તે દરેક વખતે ગુસ્સે થઈ જાય. અહંકાર ક્રોધને જન્માવે. અંતે પૂરા દિવસની શોધયાત્રા પછી તે હારી થાકી ગયા. ફરીથી સાંજે શ્રીકૃષ્ણ પાસે ગયા. શ્રીકૃષ્ણએ તેને આશ્વાસન આપીને કહ્યું - 'કાલે સવારે બ્રાહ્મમુહૂર્તમાં તમે ગંગા કિનારે જજો.' જે સૌથી પહેલું મળે, તેને ગુરુપદ માટે વિનંતી કરજો.'

બીજે દિવસે બ્રાહ્મમુર્હુતમાં સવારે નારદ ગંગા કિનારે ગયા. તેને સૌથી પહેલો માછીમાર મળ્યો. ખભા ઉપર ટોપલો અને અંદર માછલા ! નારદ હેતબાઈ ગયા. 'આને ગુરુ પદ ?' છતાં એણે માછીમારને કહ્યું, 'માછલાં એક બાજુ મૂકી દે. ગંગામાં સ્નાન કરીને મારી પાસે આવ. મારે તને ગુરુપદે સ્થાપવો છે.' માછીમારે જવાબ આપ્યો - 'મારી વાત જવા દો. પહેલાં તમે શિષ્ય તરીકેની પાત્રતા કેળવો અને પછી મારી પાસે આવો.' નારદના સ્વમાનને એક માછીમાર તરફથી ગંભીર ઠેંસ પહોંચે પણ તેને લાગ્યું કે, 'કંઈક રહસ્યમય છે.' એણે પૂછ્યું, 'મને પાત્રતા કઈ રીતે મળે ?' માછીમારે કહ્યું, 'તમે ચોરાશી લાખ યોનિમાંથી પસાર થાવ.'

નારદનો અહંકાર ભાંગીને ભૂક્કો થઈ ગયો. એના નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી. માછીમારને પણ આની પ્રતીતિ થઈ ગઈ. એણે માર્ગ બતાવ્યો.

નારદે શ્રીકૃષ્ણ પાસેથી એક મોટું ચિત્રપટ લીધું. એમાં સર્પ, દેડકો વગેરે ૮૪ લાખ યોનિનાં ચિત્ર હતા. નારદ આ દરેક ચિત્રમાંનાં દર્શન કરે, 'નારાયણ' બોલે અને પગે લાગે. આ ભાવાર્થ છે. 'આ સૃષ્ટિમાં જે કોઈ પ્રાણીમાત્ર છે, તે સૌ નારાયણનાં જ સ્વરુપો છે. એટલે આ સૌ વંદનીય જ છે.'

હવે નારદનાં મનમાં બિલકુલ અહંકાર ન હતો. એમાં નિર્મળતા આવી ગઈ અને એથી પાર વગરની એક માત્ર નમ્રતા જ બાકી રહી હતી.

નારદે માછીમારને પ્રણામ કર્યા. માછીમારે એમને ઊભા કર્યા. નારદે માછીમાર તરફ જોયું તો એ પોતે સ્વયં શ્રીકૃષ્ણ જ હતા !